

## સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા કેશલેસ ટ્રાન્જેકશન વર્કશોપ યોજાયો

સાબરકાંઠા જિલ્લા પંચાયત સભાખંડ ખાતે જીલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં કેશલેસ ટ્રાન્જેક્સન અંતર્ગત વર્કશોપ યોજાયો. ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કેશલેસ અંતર્ગત અવેરનેશ અભિયાન ચાલુ છે. જીલ્લા પંચાયતનાં અધિકારીશ્રીઓ /કર્મચારીઓને આ બાબતથી માહિતગાર કરવા અને ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી સદર વર્કશોપ યોજાયો. જેમાં ઈ-ગ્રામનાં ડી.એલ.ઈ શ્રી મહેશભાઈ અને સી.એસ.સીનાં જીલ્લા મેનેજર શ્રી સાવનભાઈ દ્વારા ઉપસ્થિત સર્વેને ડીજીટલ પેમેન્ટની વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત જાણકારી આપેલ. જીલ્લાનાં અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ વિષયોચિત પ્રશ્નોતરો પણ કરેલ. જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ અંતમાં જણાવેલ કે હાલના સંજોગોમાં ડીજીટલ પેમેન્ટ એક ઉત્તમ રસ્તો છે. આ દ્વારા આપણે સલામતી સાથે જરૂરી નાણાકીય વ્યવહારો પૂર્ણ કરી શકીશું. આ તાલીમ દ્વારા આપણે સહુએ અન્ય નાગરિકોને પણ માહિતગાર કરવાના છે. આગામી ટૂંક સમયમાં દરેક તાલુકામાં આ પ્રકારની તાલીમોનું વિશેષ આયોજન કરવામાં આવેલ છે. જીલ્લા આંકડા અધિકારીશ્રીએ તેઓની ટીમ દ્વારા આ સમગ્ર વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# ડૉ. દર્શન શાહના કેમેરામાં ક્લિક થયેલી ‘ઈસેન્સ ઑફ ઈન્ડિયા’ હવે અમેરિકામાં

પાલનપુર, તા. ૨૦

ફોટોગ્રાફી ક્ષેત્રે આગવું નામ ધરાવતા અને વ્યવસાયે ડૉક્ટર એવા



પાલનપુરના વતની ડૉ. દર્શન શાહની કલાની કદર કરતાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા વિદેશમાં એમની તસવીર પ્રદર્શન કરવા પસંદગી કરવામાં આવી છે.

ડૉ. દર્શન શાહે ‘માય ફૂટ પ્રિન્ટ’, ‘ઊડાન’ અને ‘ક કાશ્મીરનો ક’ જેવા ત્રણ સુંદર પ્રદર્શન અગાઉ આયોજીત કર્યા હતા. જેની કલાની નોંધ આ ક્ષેત્રમાં નિષ્ણાંતોએ લીધી હતી. ડૉ. દર્શન શાહ જાન્યુઆરીના પ્રથમ ત્રણ દિવસ અમદાવાદના રવિશંકર રાવળ આર્ટ ગેલેરીમાં એમનું ‘ક કાશ્મીરનો ક’ પ્રદર્શન કરવા જઈ રહ્યાં છે. જ્યારે માર્ચ મહિનામાં ‘ઈસેન્સ ઑફ ઈન્ડિયા’ના ટાઈટલ હેઠળ તેઓ અમેરિકાના લોસ એન્જેલિસમાં એમનું તસવીરનું પ્રદર્શન યોજવાના છે. સમગ્ર ગુજરાતના તસવીરકારો આને ગૌરવ અને આનંદની ક્ષણ ગણે છે.

# છોટા શકીલની ગેંગના ગેંગસ્ટરને બનાવટી પાસપોર્ટમાં મદદ કરનાર મોડાસાનો શખ્સ ઝડપાયો

### ઝડપાયેલ આરોપી શખ્સ વિરૂદ્ધ આઠ વર્ષ પહેલા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધાયા પછી નાસતો ફરતો હતો

મોડાસા, તા. ૨૦

મુંબઈના ગેંગસ્ટર છોટા શકીલની ગેંગના ગેંગસ્ટરને બનાવટી પાસપોર્ટ બનાવવામાં મદદરૂપ થનાર અને તેને નકલી પાસપોર્ટના આધારે દુબઈ મોકલનાર અરવલ્લીના મોડાસાના ચાંદટેકરીનો રહીશ છેલ્લા આઠ વર્ષથી પોલીસ પકડથી દૂર હતો. દરમિયાન અરવલ્લી જિલ્લા એલસીબીએ તેને મોડાસામાંથી ઝડપી લઈ વધુ તજવીજ હાથ ધરી છે.

કુખ્યાત ગેંગ છોટા શકીલની ગેંગના એક આરોપી શખ્સ મહંદમ ઝુબેર ઉર્ફે તબરેજ ઉર્ફે જુગનું કાસમ શેખે મુંબઈ-દિલ્હી તેમજ અનેક શહેરોમાં ગંભીર ગુનાઓ કર્યા છે. મુંબઈના રહેવાસી આ શખ્સને ઝડપી લેવા પોલીસની જુદી જુદી ટીમો બનાવી કામે લગાવાઈ હતી.



ભારતમાં તેની સામે ધોંસ વધતા આ ગેંગસ્ટરને દુબઈ ભગાડી દેવાનો કારસો રચવામાં આવ્યો હતો જેમાં મોડાસાના રહીશ આરોપી કરીમ મુલતાનીએ બનાવટી પાસપોર્ટ બનાવવામાં તેની મદદ કરી હતી.

આરોપી કરીમ મુલતાની વિરૂદ્ધ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં વર્ષ ૨૦૦૮માં ગંભીર ગુનો નોંધાયો હતો અને તે પછી આઠ વર્ષથી આ આરોપી નાસતો ફરતો હતો. આરોપી કરીમે છોટા શકીલની ગેંગના ગેંગસ્ટરને દુબઈ ભગાડવા માટે બનાવટી પાસપોર્ટ તૈયાર કરવામાં તેનું ઈલ.કાર્ડ, પાનકાર્ડ સહિતના જરૂરી આધાર પુરાવાઓ બનાવવા તેની મદદ કરી હતી. આખરે અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે આ શખ્સને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# દિયોદરના લુદરા ગામના ખેડૂતનો સરગવાની ખેતી તરફ સફળ પ્રયોગ

પાલનપુર, તા.૨૦

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના મુખ્ય પાકો બાજરી, જુવાર, મગ, અડદ, ચોખા, ગુવાર, દિવેલા, રાઈ, ઘઉ, કપાસ છે. ત્યારે આવી પરંપરાગત ખેતીથી આગળ વધીને દિયોદર તાલુકાના લુદરા ગામના પ્રગતિશીલ



ખેડૂત ઠાકોર રમેશભાઈ અરજણભાઈએ સરગવાની ખેતી તરફ સફળતાપૂર્વકની પહેલ કરી છે. ત્યારે તાલુકામાં સરગવાની ખેતીની નવતર પહેલને સર્વ તરફથી આવકાર મળી રહ્યો છે.

લુદરાના પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈએ તેમનાં પરંપરાગત ખેતીથી વધીને વિશેષ ખેતી તરફ વળવા વિષે જણાવ્યું હતું કે આપણાં પરંપરાગત ખેતીમાં ઉત્પાદન અને પોષણક્ષમ ભાવના અભાવે તેઓ ફળફળાદી અને બાગાયતી પાકો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને એ માટે તેમણે આજથી અંદાજીત ૧૪ મહિના પહેલા હૈદરાબાદ ખાતેથી એક એજન્ટ મારફતે સરગવાનું બિયારણ લાવી તેમના ખેતરમાં સાડા ચાર વીઘા જમીનમાં તેની ખેતી કરવાનું વિચાર્યું અને તેનું વાવેતર કર્યું. વાવેતરના ૬ મહિનાના સમય બાદ સરગવો તેની શીંગનું ઉત્પાદન આપવાનું શરૂ કરે છે. અત્યાર સુધીમાં રમેશભાઈએ ૮૦૦ કિલો કરતાં વધારે જેટલી શીંગનું ઉત્પાદન મેળવી ચૂક્યાં છે અને તેમના કહેવા પ્રમાણે એક વીઘામાં સરેરાશ ૧૦૦૦ કિલો જેટલું ઉત્પાદન મેળવી શકાય છે. સરગવાના વાવેતર અને પ્રારંભિક માવજત વિશે જણાવતાં તેમણે કહ્યું હતું કે વાવેતરના ૬ મહિના સુધી ખાસ તકેદારી રાખવાની હોય છે અને તેને શરૂઆતમાં ૧૫ થી ૨૦ દિવસે તેઓ પિયત આપે છે અને ત્યારબાદ મહિનાભર બાદ પાણી આપવામાં આવે છે. સરગવાના પાકમાં માત્ર ઈયળના નિવારણ માટે દવા આપવાની રહે છે એ સિવાય કોઈ જરૂરિયાત જણાતી નથી. સરગવાના છોડનું ૧૨*૫ ની જગ્યામાં વાવેતર કરવું જોઈએ અને તેના વાવેતર દરમ્યાન અન્ય આંતરપાક પણ લઈ શકાય છે. તેમના કહેવા પ્રમાણે નહિવત ખર્ચ પ્રમાણ ધરાવતી સરગવાની ખેતીમાં વેચાણ ભાવ ૧૫ થી ૫૦ રૂપિયાનો ભાવ ઉત્પાદન અને સીઝનના આધારે મળે છે પરંતુ અહીં હાલ તેના વેચાણ માટેનું બજાર ન હોવાથી અમદાવાદના માર્કેટમાં જવું પડે છે. રમેશભાઈ તેમની સરગવાની ખેતીને લઈ ઘણો આશાવાદ સેવી રહ્યાં છે.

## વિસનગર એસ.કે.પટેલ યુનિ કેમ્પસ ખાતે રમોત્સવ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા.૨૦

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૨૩ અને ૨૪ ડિસેમ્બરના રોજ ૨૯ મો રમોત્સવ કાર્યક્રમ વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાશે. આ રમોત્સવમાં ૨૩ ડિસેમ્બરના રોજ કાર્યક્રમમાં સવારે ૦૯-૦૦ કલાકે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઇ કાકડીયા તેમજ જી.એસ.આર.ટી.સીના વહીવટી સંચાલક વિજય નેહરા ઉપસ્થિત રહેનાર છે.

આ ઉપરાંત ૨૪ ડિસેમ્બરના રોજ સાંજે ૧૬-૦૦ કલાકે ઈનામ વિતરણ સમાપન સમારોહ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ ઉપસ્થિત રહેનાર છે. આ રમોત્સવમાં ઉપસ્થિત રહેવા જી.એસ.આર.ટી.સીના મુખ્ય કામદાર અધિકારી કે.ડી. દેસાઈ અને વિભાગીય નિયામક એન.કે.પટેલે નિમંત્રક પાઠવેલ છે.

# ગાજણકંપા નજીકથી બટાકાની આડમાં સંતાડીને લવાતો ૧૨.૨૪ લાખનો દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

મોડાસા, તા. ૨૦

ગાંધીનગર આર.આર.સેલ.ને રાજસ્થાનથી વિદેશી દારૂ ટ્રકમાં ભરીને વડોદરા પહોંચાડવા બુટલેગરો સક્રિય થયાની બાતમી મળતા મોડાસા રૂરલ પોલીસને એલર્ટ કરાતા શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનુ સઘન ચેકીંગ હાથ ધરાયુ હતુ. રાજસ્થાન તરફથી આવતી શંકાસ્પદ ટ્રક (આરજે.૧૪. જીસી. ૨૮૦૬)ને અટકાવી તલાશી લેતા ટ્રકમાં બટાકાની આડમાં સંતાડીને લઈ જવાતી વિદેશી દારૂની પેટી ૩૪૦ બોટલ ૪૦૮૦ કિંમત રૂ. ૧૨,૨૪,૦૦૦નો જથ્થો ઝડપી પાડી મોબાઈલ ૩ કિંમત રૂ. ૪૦૦૦ તથા રોકડ રૂ. ૬૦૦ અને ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ મળી કુલ ૨૨,૨૮,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ટ્રક ચાલક દિપસીંગ રામસીંગ રાવત અને ક્લીનર સોહનસીંહ વેણસીંહ રાવત (રહે. સમોર, રાજસંમદ)ને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી દારૂનો જથ્થો ભરી આપનાર આગ્રા નજીકનો બુટલેગર દિનેશ સોહનલાલ રાવલ (રહે. જ્વીખ્યાલા કેડા, તા. ગેવગઢ, રાજસંમદ) સહિત પ્રિન્સ નામના ચાર શખ્સો સામે ગુન્હો નોંધી મોડાસા રૂરલ પોલીસે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મોડાસા રૂરલ પોલીસે ટ્રક ઝડપી દારૂ શોધવાની તલાશી લેતી હતી. એટલામાં જ ગાંધીનગર આર.આર.સેલ.ની ટીમ પણ પહોંચી ચુકી હતી.



# પર્યાવરણને બચાવવા ૨૬ વર્ષમાં ૧૪ દેશોના પ્રવાસે નીકળેલા પદયાત્રીઓ મોડાસાના મહેમાન બન્યા

વિશ્વના ૧૪ દેશોની પદયાત્રાએ નીકળેલા ત્રણ યુવાન પદયાત્રીઓએ ૧૧ દેશોમાં પરિભ્રમણ પુરી કરી આજે ગુજરાતમાં અરવલ્લી જિલ્લામાં પ્રવેશ કર્યો હતો. મોડાસા ખાતે જિલ્લા કલેક્ટર કચેરીએ આ ત્રણેય યુવાનોનું ખાસ સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમગ્ર વિશ્વ સામે આતંકવાદ સહિત ગ્લોબલ વોર્મિંગની વિકટ સમસ્યા ઉભી થઈ છે ત્યારે આવા સમયે લોકોમાં પર્યાવરણ અંગેની જાગૃતતા લાવવા અને વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓ સામે પરસ્પર વિચાર-વિમર્શ કરી સ્નેહ અને એખલાસ ભર્યો માહોલ ઉભો કરવાના આશયથી છેલ્લા ૩૬ વર્ષથી ઉત્તરપ્રદેશના લખીપુર ગામથી નીકળેલા અવધ બિહારીલાલ સાથે અન્ય બે યુવાનો મળી ત્રણ યુવાનો પદયાત્રા કરતા આજે ૧૧ દેશોમાં ભ્રમણ પુરૂ કરી ગુજરાતમાં અરવલ્લી જિલ્લામાં મોડાસામાં પ્રવેશતા જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ સાથે મુલાકાત કરી હતી.

૧૧ દેશોમાં પદયાત્રા કરીને ગુજરાતમાં પ્રવેશનાર આ યુવાનોએ છેલ્લા પાંચ મહિનાથી ગુજરાતના જિલ્લાઓમાં ફરી પર્યાવરણ બચાવવાનો સંદેશો આપી રહ્યા છે. આ દેશોમાં કુલ સવા ત્રણસો લાખ કિ.મી.નો પ્રવાસ તેમણે ખેડ્યો છે. પ્રવાસ દરમિયાન જુદા જુદા રાજ્યો અને જિલ્લાઓમાં ૬ કરોડથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ પદયાત્રી યુવાનોની ટીમમાં લખનવના જિતેન્દ્ર પ્રતાપ ૧૧ વર્ષની વયથી તેમજ ઉત્તરાખંડના ખેડૂત પુત્ર ૧૨ વર્ષની ઉંમરથી પરિવારને છોડીને આ પદયાત્રામાં જોડાયા છે. હાલ તેમની ઉંમર ૩૧ અને ૩૩ વર્ષની થઈ છે. આ ટીમ દરેક જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓમાં જાય છે અને પર્યાવરણ બચાવવા અંગે લોકોમાં જાગૃતિ લાવવા અપીલ કરી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરે છે. આ ત્રણેય યુવાનોએ લગ્ન પણ કર્યા નથી અને અપરિણિત છે. આ પદયાત્રીઓના નિત્યક્રમ વિશે પૂછતાં જણાવ્યું હતું કે સવારે ૪.૩૦ કલાકે ઉઠીને ૨ કલાક સુધી યોગ કરે છે ત્યારબાદ નાસ્તામાં માત્ર ચણા ખાય છે અને સવારે ૬ વાગ્યેથી પદયાત્રાનો પ્રારંભ કરે છે. બપોરના સમયે ૧ થી દોઢ કલાક વિરામ લે છે ત્યાર પછી ફરીથી પદયાત્રા શરૂ કરે છે. ૨૪ કલાકમાં માત્ર ૪ કલાક જ વિરામ લે છે અને ૫૦ થી ૬૦ કિ.મી.નું અંતર કાપે છે. આગામી ચાર માસ બાદ દક્ષિણ કોરિયા પણ જશે.

## અરવલ્લીમાં કૃષિલક્ષી સમસ્યાઓના નિવારણ માટે કલેક્ટરને આવેદનપત્ર અપાયું

અરવલ્લી જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણય પછી જિલ્લાના ખેડૂતોને પડતી નાણાંકીય મુશ્કેલીઓના નિવારણ માટે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરતું આવેદનપત્ર પાઠવાયું હતું.

કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણય પછી જિલ્લામાં ખેડૂતોને હાલ આર્થિક વ્યવસ્થામાં પડતી મુશ્કેલીઓને ધ્યાને રાખી ભારતીય કિસાન સંઘ દ્વારા અરવલ્લી જિલ્લા કલેક્ટરને આ અંગેની રજૂઆતો કરી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના કિસાનો-પશુપાલકોને દૂધના નાણાં પણ બેંકોમાં જમા કરાય છે, માર્કેટયાર્ડોમાં હરાજી દરમિયાન ચેકથી નાણાંકીય લેવડ-દેવડ, કો.ઓપરેટીવ બેંકોના બાનના કારણે ગ્રામ્ય કક્ષાએ સેવા સહકારી મંડળી ક્ષેત્રે પણ વ્યવસાયમાં પડતી મુશ્કેલીઓ, રોકડ નાણા નહિ મળવા, આકસ્મિક વ્યવહારોમાં પડતી મુશ્કેલીઓ અને ખેતી માટે પુરતુ બિયારણ અને ખેતપેદાશોના ઉત્પાદનમાં પડતી તકલીફો જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે.



૬૨મી નેશનલ સ્કૂલ ગેઈમ મધ્યપ્રદેશ દેવાસ મુકામે યોજાઈ હતી. જેમો સોફ્ટ ટેનિસ બોયઝ અંડર-૧૯માં અરવલ્લી જિલ્લાની સી.જી. બુટાલા હાઈસ્કૂલના ખેલાડી ધવલ ખિલવાણી નેશનલ કક્ષાએ દ્વિતીય ક્રમે રહી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ધવલે ઉચ્ચ સિદ્ધિ મેળવી શાળા અને રાજ્યનું ગૌરવ વધાર્યું હતું.

# પાલનપુરના બ્રાહ્મણવાસમાં દુષિત પાણીથી સ્થાનિક રહીશો માંદગીના બિછાને

### પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી જતા ૨૦થી વધુ પીળીયાના કેસ નોંધાયા હોવાની રાવ : પાલિકા તંત્રની ઘોર નિષ્ક્રિયતા સામે બળાપો ઠાલવતા રહીશો

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા છતાં નઘરોળ વાહીવટના પાપે પાલિકા લોકોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ ઉણી ઉતરી રહી છે. શહેરના દિલ્હીગેટ બ્રાહ્મણવાસ વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ગટર નું પાણી મિક્સ થતું હોઈ આ દુષિત પાણી પીવાથી ૨૦ ઉપરાંત પીળીયાના દર્દી સારવાર લઈ રહ્યા હોવાની રાવ ઉઠી છે. ત્યારે આ મામલે સ્થાનિકોએ આક્રોશ સાથે ઉભરો ઠાલવતા નગર પાલિકાની ઢીલી નીતિ સામે ફિટકારની લાગણી વરસાવી હતી.



ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં નોટબંધી વચ્ચે પિળિયાંની સારવાર ના મોંઘા ખર્ચ સામે દિલ્હીગેટ બ્રાહ્મણવાસના રહીશો લડી રહ્યા છે. ત્યારે વારંવાર નગરપાલિકાના પાણી પુરવઠા ચેરમેન સહિત અધિકારીઓને રજૂઆતો કરવા છતાં ૨ માસથી ગંદુ પીવાનું પાણી પીવાથી લોકો માંદગીના બિછાને પટકાયા છે. જેમાં પિલિયા જેવી ભયન્કર બીમારીથી ૨૦ ઉપરાંત દર્દીઓ પીડાઈ રહ્યા હોવાને મામલે પાલનપુર બ્રાહ્મણ વાસના સ્થાનિકોએ આજે હોબાળો મચાવ્યો હતો. નગરપાલિકા સમક્ષ રજૂઆતો કરી થાકી ગયેલા સ્થાનિકોએ મીડિયા સામે બળાપો વ્યક્ત કર્યો હતો. ૨ માસથી પીવાનું પાણી ગટર લાઈનમાં મિક્સ થતું હોવાથી લોકોને ગંદુ અને દુષિત પાણી પીવાથી બીમારીમાં ધકેલાય છે ત્યારે જેના પર સમગ્ર નગરજનોની જવાબદારી છે એ આંખ આડા કાન કરી માત્ર તમાશો જોઈ રહ્યું હોવાના આક્ષેપો ઋત્વિક જોશી સહિતના સ્થાનિક રહીશોએ કર્યા હતા.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં વોટ લેવા આવતા નગરસેવકો લોકોની વ્યથામાં સહભાગી બનવાનું તો એકબાજુ એ રહ્યું ડોકાતા પણ નથી.

પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્ષ થાય છે. પાણીમાં પીંછા અને કચરો આવે છે. જયારે આ વિસ્તારમાં ૨૦ થી ૨૫ જેટલા પિલિયાના દર્દીઓ છે હાલ દરેકને ૨૦૦૦ જેટલો ખર્ચ સારવારનો લાગે છે ત્યારે તંત્ર આંખ આડા કાન કરતું હોવાનું પાર્વતીબેને જણાવ્યું હતું.

પાણીમાં જીવડાં આવવાને લીધે પિલિયાનો કહેર વધ્યો છે ગંદુ અને દુષિત પાણીની સમસ્યાનો તંત્ર દ્વારા કોઈ હલ નથી ત્યારે હાલ તો લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા હોવાનું અંકિત જોશીએ જણાવ્યું હતું.

પાલનપુર નગરપાલિકાના પાણી પુરવઠા ચેરમેન સહિતના અધિકારીઓ બ્રાહ્મણવાસની સમસ્યાને મામલે કઈ પણ બોલવા તૈયાર નથી. અને સમસ્યાનો હલ કરવા પણ તૈયાર નથી ત્યારે હાલ તો રહીશોનો સ્થાનિક નગરસેવકો સહિત પાલિકાના સત્તાધીશો સામેનો આક્રોશ ચરમ સીમાએ હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે.



## પ્રાંતિજ કોલેજનું ગૌરવ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કાર્મસ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નાટકમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી કોલેજ નું ગૌરવ વધાર્યું છે. હેમ.ઉ.ગુ.યુનિ.પાટણના ૨૮માં યુવક મહોત્સવમાં પ્રાંતિજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા નાટકમાં ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં પ્રકાશ કાપડીયા લેખિત ’ ભૂમિકા ’એકાંકી એ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરતાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કામેશ્વર પ્રસાદ તથા સ્ટાફ દ્વારા નાટકમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતાં. જેમાં કેયુરી મહેતા, હિરલ બારોટ, દક્ષા મકવાણા, પૂરબ બ્રાહ્મભટ્ટ, હિમાંશુ રાવલ, હિના રાવલ, હાર્દિક વણકર, કિંજલ ચૌહાણ, સંજય ચૌહાણે ભાગ લીધો હતો. જયારે દિગ્દર્શન મહેન્દ્ર પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું અને રાજેન્દ્ર પંચાલ, ડૉ. સતીષભાઈ પટેલ, ગીતાબેન ચૌધરી અને રાજેન્દ્ર ઓઝાએ માર્ગદર્શન પુરું પાડયું હતું. જયારે સંસ્થાની અન્ય પ્રવૃતિ ‘કવીઝ’ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવેલ છે. જેમાં અર્જુનસિંહ રાઠોડ, રાઠોડ રોહિલ અને ડાભી રવિએ ભાગ લીધો હતો.